ફરિયાદ દાખલ તા. ૦૯–૦૮–૨૦૧૬

ફરિયાદ નિકાલ તા. ૦૧–૦૧–૨૦૧૮

# જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, બનાસકાંઠા

**મુ.પાલનપુર**

ગ્રાહક ફરિયાદ નં. ૨૫૪/૨૦૧૬

***''નોવેલ્ટી ગુડસ કેરીયર્સ''ના પ્રોપરાઈટર*** ***ફરીયાદી***

શ્રી નિસારખાન તુરાબખાન પઠાણ

ઉ.વ.પુખ્તવયના, ધંધો– વેપાર

રહે. જશવંતગઢ (ભેમાલ), તા. દાંતા,

જી.બનાસકાંઠા

***વિરુધ્ધ***

***ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક લીમીટેડ*** ***સામાવાળા***

ઓફીસઃ– ધી યુનિયન કો.ઓ. ઈન્શ્યોરન્સ

સોસાયટી બિલ્ડીંગ,

ઈન્કમટેક્ષ ચાર રસ્તા,

આશ્રમ રોડ, અમદાવાદ.

***બાબતઃ– ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ ની કલમ ૧૨ અન્વયે ફરિયાદ***

***પક્ષકારો તરફે ઉપસ્થિતિ :–***

ફરિયાદ પક્ષ તરફે :– વિ.વ.શ્રી. બી.કે.આચાર્ય

સામાવાળા પક્ષ તરફે :– બેંકના અધિકારીશ્રી

***કોરમ:–*** (૧) દિલીપ વી.વૈદ (પ્રમુખ)

(૨) રીટા ટી.પંચાલ (સભ્ય)

(૩) લતા એમ.બથાર (સભ્ય)

## ***::હુકમ::***

***(દિલીપ વી.વૈદ, પ્રમુખ)***

(૧) ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરીયાદી કરંટ બેંક એકાઉન્ટ નં. ૪૮૯૯ સામાવાળા બેંકની પાલનપુર શાખામાં ધરાવતા હતા. આ ખાતામાં ફરીયાદીના રૂા. ૩,૧૭,૬૮૫/– છેલ્લે જમા હતા. ઉપરોકત રકમ માંથી રૂા. ૧,૦૦,૦૦૦/– સામાવાળાએ ફરીયાદીને પરત કરેલ છે. બાકીના રૂા. ૨,૧૭,૬૮૫/– સામાવાળા પાસે જમા હોવા છતાં, પરત આપતા નથી. નોટીસ આપવા છતા, સામાવાળાએ તે રકમ ચુકવેલ ન હોઈ, તે બાકી જમા રૂા. ૨,૧૭,૬૮૫/– ૧૫% ના વ્યાજ સાથે ફરીયાદી ખર્ચ ના રૂા. ૧૦,૦૦૦/– અને માનસીક આઘાતના રૂા. ૧૦,૦૦૦/– મેળવવા માટે હાલની આ ફરીયાદ ફરીયાદી એ સામાવાળા વિરુઘ્ઘ કરેલ છે.

(૨) ફરીયાદીએ નીચે જણાવેલ દસ્તાવેજ રજુ કરેલ છે.

– સામાવાળાને પાઠવેલ નોટીસ ની સ્થળપ્રત (પાન ૬,૭)

– નોટીસ બજયાની પહોંચ (પાન ૮)

– સામાવાળાએ આપેલ નોટીસનો જવાબ (પાન ૯, ૧૦)

– ફરીયાદીએ રકમ જમા કરાવેલ તેની પહોંચ અને ચેકની ફોટોકોપી (પાન ૬૭ થી ૬૯)

(૩) સામાવાળાએ ફરીયાદ વિરુધ્ધનો જવાબ, સામાવાળા બેંકના નિમાયેલ ફડચા અધિકારીશ્રી વતી શ્રી એચ.જે.જાની એ (પાન ૧૭ થી ૧૯) રજુ કરેલ છે. તે મુજબ ફરીયાદી સામાવાળાની પાલનપુર શાખામાં કરંટ ખાતા નં. ૪૮૯૯ ધરાવતા હોવાનું અને તે ખાતામાં રૂા. ૩,૧૭,૬૮૫/– જમા હોવાની હકીકત સામાવાળા સ્વીકારે છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ તા. ૧૧–૧૧–૨૦૧૧ ના રોજ, આ બેંકને ફડચામાં લઈ ગયેલ છે. આર.બી.આઈ. એ પત્ર નં. યુબીડી.સીઓ.બીએસડી II નં. ૩૫૯૦/૧૨.૨૧.૦૬૨.૨૦૧૦–૧૧, તા. ૮–૧૧–૨૦૧૧ થી બેંકનું લાયસન્સ રદ કરેલ છે. તેમજ સેન્ટ્રલ રજીસ્ટ્રાર કો. ઓ. સોસાયટી, મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર, ન્યુ દીલ્હી ના પત્ર તા. ૨૧–૮–૨૦૧૨ મા જણાવેલ હુકમ મુજબ બેંકને ફડચામાં લઈ, ફડચા અધિકારી ની નિમણુક કરેલ છે. તેમજ ડીપોઝીટ ઈન્શ્યુ. એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન એકટ ૧૯૬૧ ની કલમ– ૧૬(૧) તથા ૧૭(૧) ની જોગવાઈ અનુસાર ફડચામાં ગયેલ બેંકના જમા કર્તા ને રૂા. ૧,૦૦,૦૦૦/– સુધીની ડીપોઝીટની રકમ ડીઆઈસીજીસી મારફતે ચુકવણી કરવામાં આવેલ છે. અંતે ફરીયાદ રદ કરવા જણાવે છે.

(૪) સામાવાળાએ નીચે જણાવેલ દસ્તાવેજો રજુ કરેલ છે.

- સામાવાળાએ આપેલ નોટીસનો જવાબ (પાન ૨૦)
- આર.બી.આઈ. એ સામાવાળા બેંકનુ લાયસન્સ રદ કરતો લખેલ પત્ર (પાન ૨૧,૨૨)
- સેન્ટ્રલ રજી. કો. ઓ. સોસાયટી એ બેંક બંધ કરવાનો કરેલ હુકમ (પાન ૨૩)
- નામ. સુપ્રીમ કોર્ટ એ સીવિલ અપીલ નં. ૧૦૩૫/૨૦૦૮ ના કામે આપેલ ચુકાદાની નકલ (પાન ૨૪ થી ૩૫)

(૫) ફરીયાદીએ સોગંદ પરનો પુરાવો (પાન ૩૯ થી ૪૧ અને ૪૩ થી ૪૫ અને ૬૩ થી ૬૫) રજુ કરેલ છે. તે જ રીતે સામાવાળા તરફે સોગંદ પરનો પુરાવો ફડચા અધિકારી વતી શ્રી જાની એ (પાન ૩૭) રજુ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી. આચાર્ય અને સામાવાળા ના અધિકારીશ્રી ની દલીલો સાંભળી. કેસનું રેકર્ડ વંચાણે લીધુ.

(૭) નીચે મુજબના મુદાઓ ચર્ચા માટે ઉપસ્થિત થયેલ છે.

(૧) શું સામાવાળાએ ફરીયાદીની બાકી રકમ નહી ચુકવીને સેવામાં ખામી રાખી છે ? (ના)

(૨) શું હુકમ ? (આખરી હુકમ મુજબ)

***<u>ચર્ચા</u>***

***<u>મુદા નં. ૧</u>***

(૮) ફરીયાદ (પાન ૧ થી ૩) અને ફરીયાદ વિરુધ્ધનો જવાબ (પાન ૧૭ થી ૧૯) લક્ષમાં લેતાં, ફરીયાદીએ સામાવાળા બેંકની, પાલનપુર શાખામાં કરંટ એકાઉન્ટ નં. ૪૮૯૯ ધરાવતા હતા. અને તે ખાતામાં રૂા. ૩,૧૭,૬૮૫/– છેલ્લે જમા હતા. તે પૈકી રૂા. ૧,૦૦,૦૦૦/– સામાવાળાએ ફરીયાદીને ચેકથી પરત કરેલ છે, તે બિનતકરારી છે. અને બાકીના રૂા. ૨,૧૭,૬૮૫/– ચુકવેલ ના હોઈ, તેમજ ચુકવી શકે તેમ ના હોઈ, હાલની આ ફરીયાદ થવા પામેલ છે.

(૯) સામાવાળા બેંકનું આર.બી.આઈ. એ બેંકીંગ લાયસન્સ રદ કર્યુ, તે હુકમ ની જાણ કરતો પત્ર તા. ૮–૧૧–૨૦૧૧ ના રોજ સામાવાળાએ ફરીયાદીને લખ્યો, તે સામાવાળાએ (પાન ૨૧,૨૨) રજુ કરેલ છે. તે પત્ર મુજબ તા. ૮–૧૧–૨૦૧૧ થી સામાવાળા બેંક તરીકે કામકાજ કરી શકતા નથી. શ્રી રાજેન્દ્રકુમાર તિવારી જે સેન્ટ્રલ રજીસ્ટ્રાર ઓફ કો. ઓ. સોસાયટીઝ બેંકને બંધ કરવાનો હુકમ તેમજ ફડચા અધિકારી તરીકે શ્રીમતિ સુધા આંચલ્યા ની નિમણુક કરી, તે પત્ર (પાન ૨૩) રજુ છે.

(૧૦) રજુ થયેલા દસ્તાવેજો આધારે સ્વીકારી લેવામાં આવે છે કે, સામાવાળા બેંકને ફડચામાં લઈ જવામાં આવી છે, તેમજ ફરીયાદીના રૂા. ૩,૧૭,૬૮૫/– જમા હતા, તે રકમ ના બદલે બેંકે રૂા. ૧,૦૦,૦૦૦/– પરત કરેલ છે. અને બાકીના રૂા. ૨,૧૭,૬૮૫/– ડીપોઝીટ ઈન્શ્યુરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન એકટ ૧૯૬૧ ની કલમ–૧૬(૧) અને ૧૭(૧) ની જોગવાઈ બતાવી, ચુકવી શકાય નહી, તેમ જણાવે છે. વધુમાં આ જ મુદા અંગે, નામ. સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ, સિવિલ અપીલ નં. ૧૦૩૫ ના કામે ડીપોઝીટ ઈન્શ્યુ. એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પો. વિરુધ્ધ રઘુનાથ રાઘવન અને બીજાઓના કેસમાં રૂો ૧,૦૦,૦૦૦/– ચુકવી શકાય તે ઉપર સામાવાળા આધાર રાખે છે. તે ચુકાદાની નકલ (પાન ૨૪ થી ૩૫) સામાવાળા એ રજુ કરેલ છે. તે ચુકાદો વંચાણે લીધો. તે ચુકાદા મુજબ અને ઉપરોકત જણાવેલ કલમ મુજબ, ફરીયાદીના રૂા. ૧,૦૦,૦૦૦/– થી વધુ રકમ જમા હોવા છતાં પણ ફરીયાદી તે બાકીની નહી ચુકવેલ રકમ મેળવી શકતા નથી, તે હકીકત છે.

(૧૧) નામ. સુપ્રીમ કોર્ટે, ઉપરોકત ચુકાદામાં ચર્ચા કરીને ઠરાવેલ છે કે, બેંક ફડચામાં જાય તો, ડીપોઝીટ ઈન્શ્યુ. એન્ડ ક્રેડીટ કોર્પો. એકટ અન્વયે રૂા. ૧,૦૦,૦૦૦/– ની ચુકવણી શકય છે.

(૧૨) ફરીયાદી તરફે ગુજરાત કો.ઓ. સોસાયટી એકટની કલમ–૧૦૭ જે ફડચા લગતી છે, તે રજુ કરેલ છે, અને ડીપોઝીટ ઈન્શ્યુરન્સ એકટ ૧૯૬૧ રજુ કરેલ છે. તે વંચાણે લીધા.

(૧૩) ડીપોઝીટ ઈન્શ્યુ. એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પો. એકટ ૧૯૬૧ ની કલમ– ૧૬ અને ૧૭ અન્વયે રૂા. ૧,૦૦,૦૦૦/– ચુકવી શકાય છે. તેમ નામ. સુપ્રીમ કોર્ટ ઉપરોકત જણાવેલ ઠરાવમાં જણાવે છે. જેથી હાલના તબકકે ફરીયાદીના રૂા. ૨,૧૭,૬૮૫/– સામાવાળા પાસે જમા છે. કાયદાની દ્રષ્ટિએ સામાવાળાની ખામી કહી શકાય નહી. ફરીયાદી મલ્ટી સ્ટેટ કો. ઓ. સોસાયટી એકટ ૨૦૦૨ ની કલમ ૧૧૭ અન્વયે સેન્ટ્રલ રજીસ્ટ્રાર, ન્યુ દિલ્હીની પરવાનગી સિવાય, ફડચા અધિકારી/ સોસાયટીના મેમ્બરની સામે કોઈપણ કોર્ટમાં કેસ ચલાવી શકતા નથી.

(૧૪) ફરીયાદીના વિ.વ.શ્રી આચાર્યના જણાવ્યા મુજબ ઉપરોકત કલમમાં ગ્રાહક ફોરમનો સમાવેશ થતો નથી. તેથી ફરીયાદી આ ફોરમમાં ફરીયાદ દાખલ કરી શકે છે. તેવી દલીલ કરેલ છે. પણ અમારી દ્રષ્ટિએ કોર્ટ શબ્દમાં આ ફોરમનો પણ સમાવેશ થઈ જાય છે. તેથી શ્રી આચાર્યની દલીલ સ્વીકારવાને પાત્ર નથી.

(૧૫) આગળ કરેલ ચર્ચા મુજબ ફરીયાદીની બાકી રકમ સામાવાળાએ ચુકવી ન હોવા છતાં પણ સામાવાળાની ખામી નથી તેમ ઠરાવી, મુદા નં. ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે. અને ફરીયાદ રદ કરવાની રહેતી હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) ગ્રાહક ફરીયાદ નં. ૨૫૪/૨૦૧૬, પુરાવા આધારે " નામંજુર" કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ખર્ચ ભોગવવો.

(૩) આ હુકમની નકલ બંને પક્ષકારોને પ્રથમ વખત
વિના મુલ્યે પુરી પાડવી.

***હુકમ આજરોજ તા. ૦૧ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ખુલ્લા ફોરમમાં વાંચી સંભળાવી જાહેર કર્યો***

***મુ. પાલનપુર***

***તા. ૦૧–૦૧–૨૦૧૮.***

| | | |
|---|---|---|
| *(લતા એમ.બથાર)* | *(રીટા ટી.પંચાલ)* | *( દિલીપ વી. વૈદ )* |
| *(સભ્ય)* | *(સભ્ય)* | *( પ્રમુખ )* |